ગાંધીનગરસમાચાર
તા. ૧૪-૧૧-૨૦૧૩, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

સેલિબ્રિટીનું સન્માન એ ખેરાત નથી

રાજકારણીઓ દ્વારા કે સરકાર દ્વારા મળેલા સન્માન કરતાં લોકહૃદયમાં એમનું જે સ્થાન હોય છે, એ ઘણું મોટું સન્માન છે અને સાચા કલાકાર કે વિદ્વાન માટે સરકારી સન્માન કોઈ વિશેષ મહત્વ નથી ધરાવતું. લતા મંગેશકરને 'ભારત રત્ન' મળ્યું છે અને દિલીપ કુમાર કે અમિતાભ બચ્ચનને નથી મળ્યું તો એથી એમની મહાનતા કે લોકપ્રિયતામાં કોઈ જ ફરક નથી પડતો. રાષ્ટ્રીય સન્માન ધરાવતા મહાનુભાવોને રાજકીય પક્ષો પોતાના કૃપાપાત્ર ગણી લે તે અભિગમ કોઈ પણ રીતે ઉચિત નહીં લેખાય. અગાઉ અર્થશાસ્ત્રી અમર્ત્યસેન દ્વારા નરેન્દ્ર મોદી વિરુદ્ધ કરાયેલ ટીકા-ટિપ્પણી વખતે ભાજપે એ નોબલ વિજેતાને રાષ્ટ્રપતિ દ્વારા અપાયેલ 'ભારત રત્ન' પરત લઈ લેવાની માગણી કરી હતી, તો વળી તાજેતરમાં પૂના ખાતે શુભેચ્છાના મુદ્દે મુંબઈ કોંગ્રેસના પ્રમુખે હોબાળો મચાવી દીધો છે. સચીન તેંડુલકરને રાજ્યસભામાં નિયુક્ત કરવાનો જશ સોનિયા ગાંધીને આપવાની ચેષ્ટા થઈ રહી છે. રાજીવ શુક્લના નિવેદન મુજબ સચીન માટે 'ભારત રત્ન'ની ભલામણ પણ થઈ શકે છે. જો કે અગાઉ ગૃહખાતા તરફથી સ્પષ્ટતા કરાઈ હતી તે મુજબ રમતક્ષેત્રે 'ભારત રત્ન' આપવાની જોગવાઈ નથી. માન અકરામ આપી-અપાવી આવી 'સેલિબ્રિટી' હસ્તીઓનો રાજકીય ઉપયોગ કરવાની રીત વાજબી ન જ ગણાય. ઍનડીએ શાસનકાળમાં લતા મંગેશકરને 'ભારત રત્ન' સન્માન અપાયું હતું. એ જ લતા મંગેશકર હવે જાહેરમાં ઍનડીએના વડાપ્રધાનપદના ઉમેદવારને આશીર્વાદ આપે એથી એમની મૂઠી ઊંચેરી સર્વાગ્લેષી પ્રતિભા જરૂર થોડી ઝંખવાઈ છે. પરંતુ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખે એમના વિશે કરેલી ટિપ્પણી ઉચિત નથી. ભારતીય નાગરિક તરીકે લતા મંગેશકરને એમનો અભિપ્રાય પ્રદર્શિત કરવાની બલકે ગમતા નેતાનો પ્રચાર કરવાની પણ સ્વતંત્રતા હોવી જ જોઈએ. સમાજની અપેક્ષા જુદી હોય તે સમજી શકાય. સમાજ આવી પ્રતિભા કોઈ એક વ્યક્તિ પ્રત્યે અઢળક ઢળી પડે તેવું ન ઈચ્છે. કદાચ ઈશારો કરવો જ હતો તો એમણે ગર્ભિત રીતે કરવો જોઈતો હતો. પિતાના નામની હૉસ્પિટલનું લોકાર્પણ કરવા નરેન્દ્ર મોદીને નોતર્યા એ ઘટના જ પૂરતી હતી. પરંતુ કલાકારોને દંભ આવડતો નથી, તેથી જયારે સામા પક્ષેથી સ્પષ્ટ સંદેશ આપવાનો આગ્રહ કરાયો હશે ત્યારે એને ટાળવાનું એમના માટે મુશ્કેલ બની ગયું હશે. સચીન તેંડુલકર લતા મંગેશકર કરતાં વધુ પરિપકવ લાગે. એને જયારે કોંગ્રેસના પ્રચારમાં જોતરવાની વાત થઈ ત્યારે એણે બહુ તટસ્થ સ્ટેન્ડ લીધું મને રાજકારણ ન ફાવે. અમિતાભ બચ્ચનની લોકપ્રિયતાનો એમના પારિવારિક મિત્ર રાજીવ ગાંધીએ ભરપૂર ઉપયોગ કર્યો હતો. અલ્લાહાબાદની બેઠક પર એમને કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડાવી હેમવતીનંદન બહુગુણા જેવા દિગ્ગજને હરાવ્યા હતા. પછી શું થયું તે કોઈથી અજાણ્યું નથી. આજે એ જ બચ્ચન નહેરુ ગાંધી પરિવારથી જોજનો દૂર ચાલ્યા ગયા છે. એમની મુસીબત ટાણે એમને મદદરૂપ થનારા સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ માટે એમણે ઉત્તરપ્રદેશના બ્રાન્ડઍમ્બેસેડરની ભૂમિકા નિભાવી હતી. એમનાં પત્ની જયા બચ્ચન આજે પણ સમાજવાદી પાર્ટીનાં રાજ્યસભાનાં ચૂંટાયેલા સદસ્ય છે. એમની સામે રેખાને નિયુક્ત સભ્ય તરીકે નીમીને સત્તાધારી કોંગ્રેસ પક્ષે રેખાની કદર કરવા કરતાં વિશેષ બચ્ચન સાથે વેરની વસૂલાત કરી છે. રાજકારણમાં પડેલા માણસો કલાજગતના લોકો જેટલો નિખાલસ કે ઉદાર ચરિત નથી હોતા. તેથી જ્યારે વિશ્વકક્ષાના અર્થશાસ્ત્રીએ ગુજરાત મૉડલની કે નરેન્દ્ર મોદીની ટીકા કરી ત્યારે એ અપ્રિય થઈ ગયા, એમને એનાયેત થયેલ સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન' પરત લઈ લેવાની માગણી બુલંદ કરાઈ; જ્યારે અમિતાભ બચ્ચનને કોંગ્રેસે ટાળ્યા કે સામે પગલે નરેન્દ્ર મોદીએ એમને ગુજરાતના બ્રાંડ ઍમ્બેસેડર બનાવ્યા. એકાદ જાહેરાતમાં એમની પાસે મોદીને વડાપ્રધાનપદ માટેના યોગ્ય ઉમેદવાર પણ ગણાવાયા, જો કે આમાં પ્રચાર એન્જસીની કરામત હતી, જેનો ખ્યાલ આવતાં બચ્ચને ખુલાસો પણ કર્યો અને મોદીએ પણ ભોંઠપ અનુભવવી પડી! મહાનુભાવોને મળનારું સન્માન એ કોઈ ખેરાત નથી, એ એમનો વાજબી અધિકાર છે. જો સંકુચિત સ્વાર્થવૃત્તિ ધરાવતા રાજકારણીઓ આટલી સમજણ કેળવી શકે તો એથી એમના પ્રત્યે જનસાધારણમાં પ્રવર્તી રહેલી સૂગ ઘટશે. સેલિબ્રિટીને સન્માનિત કરીને રાષ્ટ્ર ખરેખર તો પોતે જ ગૌરવાન્વિત થાય છે.

સબકો સન્મતિ દે ભગવાન!

નિસર્ગ સાયન્સ સેન્ટરનો સાયન્સ ટેલેન્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩ સે. ૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં અને સમાજમાં વૈજ્ઞાનિક સમજ કેલાવવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તક ગુજરાત કાઉન્સિલ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા નિસર્ગ સેન્ટરને જિલ્લા કક્ષાના વિજ્ઞાન કેન્દ્રની માન્યતા આપી છે. ત્યારે વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓ પોતાની રજાઓનો સદ્‌ઉપયોગ કરી નવુ શીખે તેવા હેતુથી તા. ૧૧ થી ૧૩ નવેમ્બર દરમ્યાન સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્કશોપમાં વિદ્યાર્થીઓએ ગમ્મત સાથે જ્ઞાનલક્ષી વર્કશોપમાં મોડેલ રોકેટરી, વર્કશોપ, એરોમોડેલીંગ વર્કશોપ, ભૌમિતિક આકાર બનાવવાનો વર્કશોપ જેવા મોડેલો બનાવવામાં આવ્યા હતા. મોડેલ રોકેટરી વર્કશોપમાં વિદ્યાર્થીઓએ કાર્ડપેપર, ચાર્ટપેપરનો ઉપયોગ કરી સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ બનાવતા શીખ્યા હતા. જેમાં રોકેટ કેટલી ઉંચાઈએ જઈ શકે છે અને કેવી રીતે ઉડાડી શકાય છે તેની વિસ્તૃતમાં સમજ આપી હતી. વર્કશોપમાં ૪૮ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

વર્કશોપમાં નિષ્ણાંત તરીકે રામમોહન ભદોરિયાએ વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિશેનું ઉત્તમ શિક્ષણ પુરૂ પાડ્યું હતું. જેમાં નિસર્ગના ટ્રસ્ટી અજ્જલભાઈ પટેલે વિદ્યાર્થીઓને તા. ૨૮ નવેમ્બરે સૂર્યોદય પહેલા દેખાનારા આઈસોન ધુમકેતુ વિશે રોચક માહિતી પુરી પાડી હતી.

હરિની દૃષ્ટિ...



આ દિવસે મારે એટલું જ કહેવું છે કે આટલી મોટી સંખ્યામાં આપણે ખાંડનો ઉપયોગ નથી કરતા તો પણ ખાંડના ભાવ કેમ ઘટતા નથી...!!

લોયલાના વ્યાયામ શિક્ષકનું હેવાનિયતભર્યું વર્તન

સેન્ટ ઝેવિયર્સમાં વિદ્યાર્થીને ઢોર માર મરાતા સનસનાટી

વિદ્યાર્થીને હોસ્પિટલમાં ખસેડવા માટે ફરજ પડી : સ્કુલ ફરી વખત વિવાદના ઘેરામાં : પોલીસમાં ફરીયાદ નોંધાઈ

અમદાવાદ, તા.૧૩ અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલ વિવાદાસ્પદ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ફરી એકવાર વિવાદમાં ફસાઈ છે. શાળાના વ્યાયમ શિક્ષક દ્વારા ધોરણ-૧૧માં ભણતા એક વિદ્યાર્થીને ઢોર માર માર્યો હતો જેના કારણે વિદ્યાર્થીને શહેરની સ્ટર્લીંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે વિદ્યાર્થીના વાલીએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા મામલો વધુ વકરે તેવી શક્યતા છે.

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કુલ આવેલ છે. આ શાળા અવારનવાર વિવાદોમાં રહે છે ત્યારે આજે આ શાળાના વ્યાયમ શિક્ષક દ્વારા વિદ્યાર્થીને ઢોર માર મારતા શાળા ફરીથી એકવાર વિવાદનું કેન્દ્ર બની છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ શાળામાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતો રાયન લાલકાકા નામનો વિદ્યાર્થી શિક્ષકો સાથે બાસ્કેટ બોલ રમતો હતો આ સમયે દરમિયાન શાળાના વ્યાયમ શિક્ષક રવિરાજ દ્વારા ફેકવામાં આવેલ બોલ રાયનને વાગ્યો હતો. જે અંગે રાયને વ્યાયમ શિક્ષકને સાચવીને રમવા વિનંતી કરી હતી. જો કે બીન ગુજરાતી એવા વ્યાયમ શિક્ષક રવિરાજ વિદ્યાર્થીની વિનંતીને સમજ્યા વીના તેને શિક્ષક સામે દલીલબાજી કરે છે તેમ જણાવી મારવાની શરૂઆત કરી હતી. હાજર વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ શિક્ષકે વિદ્યાર્થીને માથાના, પેટના અને પગના ભાગમાં ઢોર માર માર્યો હતો. જેના કારણે વિદ્યાર્થીને સ્ટર્લીંગ હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. હેરાનીની વાત તો એ છે કે આ પ્રસંગે શાળાના આચાર્ય ફાધર ડ્યુરો પણ ઉપસ્થિત હતા. તેમ છતાં તેમણે વિદ્યાર્થીને માર ખાતો જોઈ રહ્યા હતા. શિક્ષકને અટકાવવાની તસ્દી પણ લીધી ન હતી.

આ અંગે વિદ્યાર્થીના વાલી ફિરદોષ લાલકાકાએ જણાવ્યું હતું કે જો શાળાના આચાર્યની હાજરીમાં આવી ઘટનાઓ બનતી હોય તો હવે વાલીઓ કોના ઉપર વિશ્વાસ મુકીને શાળાએ મોકલે. આવી જ રીતે જે ભવિષ્યમાં કોઈ વિદ્યાર્થીની સાથે વર્તન થાય તો તેની પાછળ જવાબદાર કોણ ? જેથી શાળા પ્રશાંસને આ અંગે ગંભીરતાથી લઈ વ્યાયમ શિક્ષક રવિરાજ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવી જોઈએ. આ અંગે વિદ્યાર્થીના વાલીએ વ્યાયમ શિક્ષક રવિરાજ વિરૂદ્ધ ગુજરાત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ પણ નોંધાવી છે. જેના આધારે પોલીસે સમગ્ર મામલાની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે હજુ થોડા સમય પહેલાં જ ઝેવિયર્સ સ્કુલમાં એક વિદ્યાર્થી દરવાજો કુદતો હતો તે સમય દરમિયાન દરવાજા ઉપરના ભાલો વિદ્યાર્થીને હાથમાં ઘુસી જતાં વિદ્યાર્થીને દરવાજા સાથે હોસ્પિટલ ખસેડવામાં ફરજ પડી હતી. તાજેતરના સમયમાં અનેક સ્કુલોમાં વિદ્યાર્થીઓને કઠોર સજા કરવાના ભાગરૂપે વાલીઓ દ્વારા ભારે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને માર મારવાના મામલા પોલીસ સુધી પણ પહોંચ્યા છે. આવી સ્થિતિમાં સ્કુલોમાં પણ હવે વિદ્યાર્થીઓ સામે પગલાને લઈને સાવધાની રાખવામાં આવે છે.

ગુજરાતમાં ૧૨૦૦૦ કરતા વધુ પ્રાથમિક શિક્ષકોની ઘટ

અમદાવાદ, તા.૧૩ રાજ્યની સરાકરી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ એક વિકટ પ્રશ્ન બન્યો છે. શિક્ષકોની ભરતી મુદ્દેનો વિવાદ અત્યારે હાઈકોર્ટમાં પડતર હોવાથી નવા શિક્ષકોની ભરતી કરી શકાય તેમ નથી. જ્યારે બીજી બાજુ શિક્ષકોની ઘટના કારણે રાજ્યમાં શિક્ષકની ગુણવત્તા સાથે ચેડા થઈ રહ્યા છે જેના પગલે ટુંક સમયમાં હંગામી ધોરણે શિક્ષકોની નિમણુંક કરાઈ શિક્ષકોની ઘટ પુરવામાં આવે તેવી શક્યતા છે.

રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે બીજી બાજુ સરકાર પ્રાથમિક શાળાઓમાં મોટાપાયે શિક્ષકોની ઘટ હોવાથી શિક્ષણ વિભાગના તમામ પ્રયત્નો નિષ્ફળ સાબીત થઈ રહ્યા છે. શિક્ષકોની ભરતી મુદ્દે વિવાદ સર્જાતા મામલો કોર્ટમાં પહોંચ્યો છે. અને કોર્ટે શિક્ષકોની ભરતી ઉપર સ્ટે મુકી દીધો છે જેના કારણે રાજ્ય સરકાર ઈચ્છતી હોવા છતાં શિક્ષકોની ભરતી કરી શકે તેમ નથી. જેના કારણે શિક્ષણ ક્ષેત્રે ગંભીર સમસ્યા ઉત્પન્ન થઈ છે. આ સ્થિતિને નિવારવા માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા હંગામી ધોરણે શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય કરાયો હોવાનું જાણવા મળ્યું છે. શિક્ષણ વિભાગના વિશ્વાસુ સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ શિક્ષણ વિભાગ તમામ જિલ્લા પંચાયતો અને નગરપાલિકાઓને તેમના હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં હંગામી ધોરણે શિક્ષકોની નિમણુંક કરવા સુચના આપી દીધી છે. જે મુજબ જિલ્લા પંચાયતો અને નગરપાલિકા દ્વારા સ્પોર્ટીંગ એજ્યુકેશન સિસ્ટમ અંતર્ગત કોન્ટ્રાકટ બેઝીક ઉપર નહીં નફો નહીં નુકશાનના ધોરણે જે જગ્યાએ શિક્ષકોની ભરતી કરવામાં આવશે. જ્યાં સુધી કોર્ટમાંથી સ્ટે દુર થાય નહીં અને કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવે નહીં ત્યાં સુધી આ હંગામી શિક્ષકોની મદદ લેવામાં આવશે.

આજે ગાંધીનગરમાં તાજીયા વિવિધ વિસ્તારમાં ફરશે

ગાંધીનગર, તા.૧૩ શહેરમાં વસતા મુસ્લિમ બિરાદરો દ્વારા તાજીયા-મહોરમ હોવાથી શહેરના વિવિધ વિસ્તારમાં તાજીયા ફેરવવામાં આવશે.

કતલની રાત્રે તાજીયા સે-૨૮ ચરેડીના તાજીયા ઈશાની નમાઝ બાદ ચરેડીથી સે-૨૯ હુસેની ચોક ત્યારબાદ સે-૨૯ તાજીયા સાથે મુસ્લિમ વિસ્તારમાં અમન ચોક વિસ્તારમાં ફેરવવામાં આવશે. ત્યારબાદ સે-૨૪ ઈન્દિરાનગરના તાજીયા સે-૨૪ હાઉસીંગ બોર્ડ, આર્ય સમાજ, ચંદ્ર ફોટો સુધી ફેરવવામાં આવશે.

તાજીયામાં શહેરના મુસ્લિમ બિરાદરો તાજીયા સાથે મોટી સંખ્યામાં જોડાશે. ફિરોજખાન બલોચ, આઝાદભાઈ મનસુરી, નઈમભાઈ પિરઝાદા, મોઈમભાઈ શેખે શહેરના મુસ્લિમોને જુલુસમાં ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

આનંદ

સોનેરી સૂરજના કિરણોની આભા દીઠી દ્વાર,
કે આજ આનંદ ભયોને વ્યાપ્યો અપરંપાર.
મેઘધનુષી સપ્તરંગી કિરણો આભને દ્વાર,
કે આજ આનંદ ભયો ને વ્યાપ્યો અપરંપાર.
કમફ વૃંદની ખીલી પાંખડીઓ ઉલ્લાસ ઉછળે દ્વાર,
કે આજ આનંદ ભયોને વ્યાપ્યો અપરંપાર.
કોકિલના કેકાને મોરના થનઘનાટ થડકે દ્વાર,
કે આજ આનંદ ભયો ને વ્યાપ્યો અપરંપાર.
પોપટ પ્યારા લાલ ચાંચમાં મરચું લફકે દ્વાર,
કે આજ આનંદ ભયોને વ્યાપ્યો અપરંપાર.
સસલાં સાલસ કૂદતાં રમતિયાળ ડરકણ દ્વાર,
કે આજ આનંદ ભયોને વ્યાપ્યો અપરંપાર.
ગાય ભાંભરતી વાછડું દ્વાપવે આંગણ મોઝાર,
કે આજ આનંદ ભયોને વ્યાપ્યો અપરંપાર.
પ્રેમ કલાનાં નયનોના તીરથી ઉઘડયાં દ્વાર,
કે આજ આનંદ ભયો ને વ્યાપ્યો અપરંપાર.
ફાગ રમણીય માનવીનું મદમસ્ત ઢળકે દ્વાર,
કે આજ સાક્ષાત સ્વયં હૃદયમાં વ્યાપ્યો અપાર.

- સુમંતભાઇ મ. શાહ

આપણી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો વિષય પણ વૈશ્વિક સ્તરનો છે, એનું કાર્યક્ષેત્ર ભલે ગુજરાત છે, પણ એનું કાર્ય વૈશ્વિક છે, ગુજરાતને સમગ્ર વિશ્વની જ્ઞાનની વિદ્યાપીઠ બનાવવાનું આપણું સ્વપ્ન છે

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વૈશ્વિક ભૂમિકા

- હર્ષદ મ. શાહ

ગાંધીનગરમાં સ્થપાયેલી ગુજરાતની અને સમગ્ર ભારતની એકમાત્ર 'ચિલ્ડ્રન યુનિવર્સિટી' વિશ્વસ્તરે વિસ્તરે અને પોતાની જ્ઞાનભૂજાઓમાં સમગ્ર વિશ્વને આવરી લે એવા પ્રયત્નો આપણે કરી રહ્યા છીએ.

અત્યાર સુધીનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે ભારતના જ્ઞાનને, સભ્યતાને, સંસ્કૃતિને અને ભારતીય દર્શનને જગતે આવકાર્યું છે, એને સમજવાને અને સ્વીકારવાનો પ્રયત્ન પણ કર્યો છે. આ કથનને સાબિત કરતા ઘણા પુરાવાઓ પણ છે.

કાઉન્ટર જૉર્નસ્ટજર્નાએ **Theohony of Hindus** ના પૃષ્ઠ ૧૬૮ પર તથા કર્નલ અલીટે **THEOSOPHY** ના માર્ચ ૧૮૮૧ના અંકમાં લખ્યું છે કે, 'માનવીય સંસ્કૃતિનું ઉદ્‌ગમ સ્થાન ભારતવર્ષ જ છે.'

કંબોડિયાના સર્વેસર્વા સિંહનુકે એકવાર દુઃખી થઈને ભારે હૈયે એવું કહ્યું હતું કે, ભારત અમારી માતા છે અને ચીન અમારો પિતા. દુર્ભાગ્યથી અમારી માતાએ પરવાહ કરવાનું છોડી દીધું અને અમે આશ્રયવિહીન થતા જઈએ છીએ.

અમેરિકાનાં આઠ વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃત શીખવવાની વ્યવસ્થા છે. યેલ હાવર્ડ, કોલંબિયા, પેન્સિલ્વાનિયા, જીન્સ, હાફકિન્સ, શિકાગો, પ્રિસ્ટન અને કેલિફોર્નિયામાં બહુ જ પહેલેથી સંસ્કૃતનું શિક્ષણ આપવામાં આવે છે. હાલમાં અનેક શિક્ષણ સંસ્થાઓમાં સંસ્કૃતનું શિક્ષણ પ્રચલિત થતું જાય છે.

અત્યારે સુમાત્રા તરીકે ઓળખાતા દેશનું પ્રાચીન નામ 'શ્રી વિજયદેશ' છે. લીડેનનું 'ધી આર્કિયોલોજી ઑફ હિન્દુ સુમાત્રા' અને સ્ટૂટેરહિમનું 'જાવાનીઝ પીરિયડ ઈન સુમાત્રા હિસ્ટરી' - એ બે ગ્રંથોનાં વર્ણનોમાં જાવામાં ભારતવર્ષના સાંસ્કૃતિ આધિપત્યની સારા એવા પ્રમાણમાં પુષ્ટિ મળે છે. ઈતિહાસ-વિજ્ઞાની એલ્ફિન્સ્ટન અનુસાર ભારતીય રાજા સુમિત્રે એ દેશમાં શાસન-વ્યવસ્થા કાયમ કરીને એ પ્રદેશને 'સુમાત્રા' તરીકે ઓળખાવ્યો.

અમેરિકાના તત્વદર્શી વિલ ડ્યુરાં કહે છે કે, ભારતભૂમિ એ દેશવાસીઓની જ નહીં, પરંતુ અમેરિકાની પણ માતા છે.

ઈન્ડોનેશિયાની વાતો તો અનેરી છે અને વિસ્તારથી જાણવા જેવી છે. ઈ.સ. પૂર્વે ૩૦૦ વર્ષ પહેલાં એટલે કે આજથી ૨૩૧૨ વર્ષ પહેલાં પાટલિપુત્રથી કોઈ એક રાજકુમાર ઈન્ડોનેશિયા પહોંચ્યો હતો. એણે ઈન્ડોનેશિયાના ૬૦૦૦ જેટલા દ્વીપોને નવો જ આકાર આપ્યો. બૌદ્ધ ભિક્ષુઓ ત્યાં ગયા એ પહેલાં શતાબ્દીઓ સુધી ત્યાં હિન્દુ ધર્મનો પ્રચાર-પ્રસાર થતો રહ્યો.

ઈન્ડોનેશિયાનાં અનેક નગરોનાં નામ આજે પણ ભારતીય નગરોનાં નામ પરથી છે જેમકે અયોધ્યા, હસ્તિનાપુર, તક્ષશિલા, ગાંધાર, વિષ્ણુલોક, લવપુર વગેરે...

ડૉ.કુમારસ્વામીના 'હિસ્ટરી ઑફ ઈન્ડોનેશિયન યુનિટી', 'સ્ટૂટેરહિમ' અને રામ લીડેન્ડ એન્ડ રામ રેલિફસ ઈન ઈન્ડોનેશિયા ગ્રંથોમાં પ્રામાણિક સામગ્રી પ્રસ્તુત થઈ છે. આ દ્વીપસમૂહોને અત્યાર સુધી 'ઈસ્ટ ઈન્ડીઝ' કહેવામાં આવતા હતા. સન ૧૪૦૦માં મુસ્લિમોના ઉગ્ર આક્રમણોને કારણે એ પ્રદેશના અનેક લોકોને મુસલમાન ધર્મ અંગિકાર કરવો પડ્યો. ઉપલબ્ધ મૂર્તિઓના અવશેષોમાંથી એટલું જાણી શકાયું છે કે ત્યાં ઘણી સંખ્યામાં શિવમંદિરો અને વિષ્ણુમંદિરો બન્યાં હતાં.

ઈન્ડોનેશિયાના પ્રથમ શિક્ષણમંત્રીએ એ દેશનો ઈતિહાસ 'તાતા નગરા મજહિલ સપ્ત પર્વ' નામથી લખ્યો છે અને એમાં 'રામાયણ'ને એ દેશની સાંસ્કૃતિક ગરિમા તરીકે વર્ણવી છે.

૭ ડિસેમ્બર, ૧૮૭૧ના દિવસે ઈન્ડોનેશિયાએ વિશ્વના સર્વપ્રથમ 'આંતરરાષ્ટ્રીય રામાયણ સંમેલન'નું આયોજન કર્યું. આ ઉત્સવ ૧૫ દિવસ ચાલ્યો હતો. તેમાં ફિઝી, સિંગાપોર, મલેશિયા, થાઈલેન્ડ, લાઓસ, કંબોડિયા, બર્મા, લંકા, ભારત અને નેપાલે પોતપોતાનાં પ્રતિનિધમંડળ મોકલીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જેમાં ૩૦૦ કલાકારો અને ૨૦,૦૦૦ દર્શકો હતો.

આજે પણ ઈન્ડોનેશિયાની એકસપ્રેસ ગાડીનું નામ 'ભીમ' છે. ત્યાંની ઍરવેઝનું નામ 'ગરૂડ ઍરવેઝ' છે. ત્યાંની કેટલીક હોટલોનાં નામ પણ 'રામાયાણ હોટેલ' છે. ત્યાંના દરેક ઘરમાં શ્રીરામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનનાં ચિત્રો ટાંગેલાં જોવાં મળે છે.

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ ડૉ. સુકર્ણોએ પં. જવાહરલાલ નહેરુને એક પક્ષમાં લખ્યું હતું કે, 'ઈન્ડોનેશિયા અને ભારતની જનતા એક લોહી અને સંસ્કૃતિના પવિત્ર- સુદૃઢ તાંતણાઓથી પરસ્પર મજબૂત રીતે જોડાયેલી છે.'

ઈન્ડોનેશિયન મુસ્લિમ સ્ત્રીઓનાં નામ આજે પણ રત્નાદેવી, લક્ષ્મી, સીતા, દ્રૌપદી, મેઘવતી તથા પુરુષોનાં નામ કાર્તિકેય, સુકર્ણ, સુજય વગેરે સાંભળવા મળે છે.

જાપાનના ગણમાન્ય શિંટો પંડિત રિંગતારો નાગાસાવાનું કહેવું છે કે ભૂતકાળમાં જાપાન 'બ્રાહ્મનોકયો' (બ્રાહ્મણત્વ) તરીકે જ ઓળખાતું હતું.

સાઈબિરિયાના એક બૌદ્ધ વિહારમાં સુવર્ણમંડિત મૂર્તિઓ સ્થાપિત થયેલી છે, જેમાં શાક્યમુનિ, ઋષિ કશ્યપ અને મૈત્રેયની મૂર્તિઓનો સમાવેશ થાય છે. સાઈબિરિયાને ત્યાંના લોકો 'શિવિર દેશ' કહે છે. 'શિવિર' એટલે તંબુ.

આમ દુનિયાના દરેક દેશ સાથે ભારતનો તંતુ જોડાયેલો છે. તેથી 'દિગ્વિજયી રાષ્ટ્ર' તથા 'જગદ્‌ગુરુ' જેવાં સંબોધનો કરવાં જરાય અનુચિત નથી.

આપણી પાસે આવી બીજી ઘણી માહિતી બીજા અનેક દેશો વિશે છે, પરંતુ આટલી માહિતીના આધારે મારે આપને જે કહેવું છે તે એ છે કે ભારત દરેક વિષયમાં અગ્રેસર હતો, છે અને રહેશે.

આપણી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો વિષય પણ વૈશ્વિક સ્તરનો છે. એનું કાર્યક્ષેત્ર ભલે ગુજરાત છે, પણ એનું કાર્ય વૈશ્વિક છે. ગુજરાતને સમગ્ર વિશ્વની જ્ઞાનની વિદ્યાપીઠ બનાવવાનું આપણું સ્વપ્ન છે.

વિશ્વના કેટલાક દેશોમાં ચિલ્ડ્રન્સ્ યુનિવર્સિટીઓ ચાલે છે, પણ તે શિક્ષણના વિવિધ વિભાગોમાંનો એક બાળવિભાગ ચલાવતા હોય તેવી રીતે ચાલે છે. એ બધી યુનિવર્સિટીઓમાં આપણી યુનિવર્સિટી અનેક રીતે વિશિષ્ટ અને અનુપમ છે.

(૧) અત્યારે ભારતમાં આ પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે.

(૨) બાળજન્મ પૂર્વેથી લઈ બાળક ૧૮ વર્ષનું થાય ત્યાં સુધીના એના વિકાસક્રમની સાતત્યપૂર્વકની ચિંતા કરનાર આ સમગ્ર જગતની એકમાત્ર યુનિવર્સિટી છે.

(૩) મનુષ્યનો વિકાસ એકાંગી કે કોઈ ચોકકસ વિષયોને લઈને થાય તેવું બીજા દેશોમાં થાય છે. પણ આપણી આ યુનિવર્સિટી મનુષ્યનો વિકાસ ભારતીય જીવનદર્શનને આધારે સર્વાંગીપણે થાય, જે જીવનનાં સર્વ અંગોને સ્પર્શે અને જીવનને ઉન્નત બનાવે, એ દિશામાં પ્રયત્નશીલ છે.

(૪) અન્ય યુનિવર્સિટીઓ ટેકનોલોજીકલ અને આધુનિક ઉપકરણોને આધાર બનાવી બાળકનો વિકાસ પ્રયોજે છે, પરંતુ તેથી તેનો ભાવાત્મક કે ચરિત્રાત્મક વિકાસ થતો નથી અને શ્રેષ્ઠ મનુષ્ય બનવાની દિશામાં આગળ નથી વધી શકતો. જ્યારે આપણો આધાર ભાવનાત્મક વિકાસ છે, ચારિત્ર્યનો વિકાસ છે. એનો પાયો આધ્યાત્મ છે.

(૫) અન્યત્ર ભૌતિક વિકાસની હોડમાં પ્રકૃતિ અને પર્યાવરણનું સંતુલન ખોરવાય છે. આપણી યુનિવર્સિટી મનુષ્યને પ્રકૃતિ, સૃષ્ટિ અને સમષ્ટિને કેન્દ્રમાં રાખી, એનું સંતુલન જાળવી વ્યાપક હિતમાં જીવવાની જીવનશૈલી બતાવે છે.

(૬) ગર્ભવિજ્ઞાન, ગર્ભસંસ્કાર, બાળઉછેર અને દરેક બાળકની મૌલિક શક્તિઓ જગાડી તેને શ્રેષ્ઠ મનુષ્ય બનાવવાની દિશામાં નવપ્રસ્થાન- આ આપણી યુનિવર્સિટીનાં લક્ષ્યો છે. એ માટે વ્યાપકપણે સંશોધનકાર્યને અગ્રિમતા અપાશે.

(૭) યુનિવર્સિટી એવાં સંશોધનો હાથ ધરશે જેથી શિક્ષણની દિશા બદલાશે. પરીક્ષા, તુલના અને સ્પર્ધાનું મહત્વ નામશેષ થશે અને સાચા અર્થમાં જીવનશિક્ષણનો આવિષ્કાર થશે. આ આપણું દર્શન અને આપણા પ્રયત્નોની દિશા છે.

(૮) અન્ય કોઈ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર આખા રાજય જેટલું વિસ્તૃત નથી. મર્યાદિત ક્ષેત્રમાં એના કાર્યનો પ્રભાવ છે. આપણી યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર આખું ગુજરાત રાજય અને એનાં સવા બે કરોડ બાળકો છે. પરિણામે આપણું કાર્ય ગુજરાતના દરેક કુટુંબને સ્પર્શે છે.

(૯) આપણું ધ્યેય - પ્રત્યેક બાળક મહત્વનું છે. **Every Child Matters.**

(૧૦) આવા... મહાસાગર જેવા વિશાળ કાર્યને સિદ્ધ અને સાકાર કરવા કાર્યને પૂરક, પોષક અને અનુરૂપ કાર્યક્રમો, યોજનાઓ અને પ્રકલ્પો હાથ ધરવામાં આવી રહ્યા છે.

(૧૧) સમગ્ર સમાજને જોડવાની આમાં વ્યવસ્થા છે. સમાજની, રાષ્ટ્રની કે વિદેશની કોઈ પણ સંસ્થા, યુનિવર્સ